મહત્તમ : ૩૬.૮ ડીગ્રી
લઘુતમ : ૨૭.૮ ડીગ્રી
ભેજ
સવારે ૭૮ ટકા ● સાંજે ૪૪ ટકા
ગાંધીનગર તાપમાન

# દબાણ તંત્રનો સપાટો : ૨૦૦ લારી-ગલ્લા હટાવાયા






ગાંધીનગર, તા.૭

ગાંધીનગર શહેરના મુખ્ય માર્ગો તેમજ આંતરીક માર્ગો પર દબાણે અજગરી ભરડો લીધો છે. સરકારી ખુલ્લી જગ્યા અને ફુટપાથ તેમજ પાર્કીંગના સ્થળો પર લારી-ગલ્લા સહિત ઝુંપડા ઉભા થઈ ગયા છે. શહેરમાં દબાણનો પ્રશ્ન વિકરાળ બની જવા પામ્યો છે. દબાણના પ્રશ્ને તંત્ર પણ માથું ખંજવાળતુ નજરે પડે છે. ત્યારે આજે શહેરમાં દબાણ ટીમે સપાટો બોલાવ્યો હતો. શહેરમાંથી ૨૦૦ થી વધુ લારી-ગલ્લા તેમજ ઝુંપડાના દબાણો દુર કરાય છે. અચાનક દબાણ વિભાગ ત્રાટકતા દબાણકારોમાં નાસભાગ મચી જવા પામી હતી.

શહેરમાં વધતા જતા દબાણને પગલે આજે મનપાની ટીમ, કલેકટર કચેરીની ટીમ, વનવિભાગ, પાટનગર યોજના વિભાગ, ફુડ વિભાગ, તેમજ પોલીસ સહિતના વિભાગો એકઠા થઈ દબાણ અંગે સંયુકત ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. નોડલ ઓફીસર મહેશ મોડ સહિત ટીમના સભ્યોએ આજે સવારથી દબાણનો લઈ કાર્યવાહી શરુ કરી હતી. શહેરના મુખ્યમાર્ગો તેમજ કોમન પ્લોટમાં ખડકાયેલા લારી ગલ્લા તેમજ ઝુપડાના દબાણો હટાવવામાં આવ્યા હતા. શહેરના અક્ષરધામ, સેકટર-૨૧, સે-૧૧, સે-૫ સીએનજી પંપ પાસે, સે-૬




અપના બજાર વિસ્તાર, ઘ-૫, ઘ-૭ પ્રેસ સર્કલ સહિતના વિસ્તારમાં દબાણ દુર કરાયા હતા. શહેરમાં આજે દબાણની ટીમ ફરતા કેટલાક દબાણકારો પોતાનો વેપાર ધંધો બંધ રાખીને યોગ્ય સ્થાને લારી-ગલ્લા મુકી દીધા હતા. શહેરમાં સવારથી સાંજ સુધીમાં દબાણ ટીમે એક અંદાજ મુજબ ૨૦૦ થી વધુ લારી-ગલ્લાના દબાણો દુર કર્યો છે.જયારે દબાણ ટીમ અને દબાણકારો વચ્ચે કોઈ સ્થળે બોલાચાલીના બનાવો પણ બનાવા પામ્યા હતા. દબાણ ટીમે સપાટો બોલાવતા વેપારીઓ પોતાની ચીજવસ્તુઓ બચાવવામાં પડ્યા હતા. તમામ વિભાગની ટીમ સાથે રહીને દબાણ દુર કરતા દબાણકારોમાં ફફળાટ વ્યાપી જવા પામ્યો છે. ત્યારે આગામી સમયમાં પણ દબાણ તંત્રની દબાણકારો પર ઝુંબેશ ચાલુ રહેશે તેમ દબાણ ટીમના નોડલ ઓફિસર મહેશ મોડે જણાવ્યું હતું.

## હવે તસ્કરો સેક્ટર-૩ તરફ વળ્યા : વધુ એક ઘરફોડ

ગાંધીનગર, તા.૭

પાટનગરમાં તસ્કર ટોળકીએ પોલીસને રિતસરનો નાકે દમ લાવી દીધો છે. પોલીસ નાઈટ પેટ્રોલિંગ સઘન બનાવવાના એક્શન પ્લાન બનાવી રહી છે તો બીજી તરફ તસ્કરો તેટલા જ જોરથી ઘરફોડ કરી રહ્યા છે. દરરોજ એકાદ-બે ઘરફોડ ચોરીઓ થઈ રહી છે ત્યારે એક પણ ઘર ઘરફોડિયો પોલીસને હાથ લાગતો નથી તે શરમજનક બાબત છે. શહેરના સેક્ટર-૩ બી ખાતે એક પખવાડિયાથી બંધ પડેલા એક મકાનમાં તસ્કરોએ હાથફેરો કર્યો હોવાનુ ધ્યાને આવ્યું છે. બહારગામથી ઘરે પરત આવેલા મકાન માલિકે પોતાના ઘરે થયેલી ચોરી સંદર્ભે સે-૭ પોલીસ મથકમાં ફરિયાદ આપતા પોલીસે ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે.

ગાંધીનગર શહેરના સેક્ટર-૩ બી પ્લોટ નંબર ૧૩૦૭/૧ ખાતે રહેતા ભરતભાઈ શંકરભાઈ ભાવસાર તેમના પરિવાર સાથે ૨૪ તારીખથી ઘરને તાળું મારીને બહારગામ ગયા હતા. પખવાડિયું તેમનું ઘર બંધ હતું અને ગઈકાલે તેઓ પરત ઘરે ફર્યા ત્યારે જોયું તો તેમના મકાનના મુખ્ય દરવાજાની જાળીનો નકુચો તૂટેલી હાલતમાં પડ્યો હતો. તેમનું મકાન બંધ હતુ તે અરસામાં તસ્કરોએ તેમના મકાનને ટાર્ગેટ કર્યું હતું. મકાનના મુખ્ય દરવાજાની જાળીનો નકુચો તોડી અંદર ઘૂસીને સોના ચાંદીના દાગીના તથા રોકડ મળી કુલ રૂ.૪૬૫૦૦ ની કિંમતની મતા ઉઠાવી તસ્કરો રફુચક્કર થઈ ગયા હતા. મકાન માલિક ભરતભાઈ ભાવસારની ફરિયાદને આધારે સેકટર-૭ પોલીસ મથકના પી.એસ.આઇ એસ.ડી ચૌધરીએ ઘરફોડ ચોરી અંગે ગુનો દાખલ કરી ડોગ સ્ક્વોડ અને ફિંગર પ્રિન્ટ નિષ્ણાત બોલાવી ઘટનાની ઉંડી તપાસ શરૂ કરી છે.

### વર્ષ ૨૦૧૮-૧૯ માટે પ્રમુખ-ભરત પટેલ અને સેક્રેટરી-પાર્થ ઠક્કર નિમાયા

## રોટરી કલબ ઓફ કેપિટલ, ગાંધીનગરના પદાધિકારીઓનો શપથગ્રહણ સમારોહ યોજાયો

ગાંધીનગર, તા.૭

ગાંધીનગરની જાણીતી સામાજીક સંસ્થા રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગરનો પદગ્રહણ સમારોહ તાજેતરમાં યોજવામાં આવ્યો હતો. સંસ્થાના ૨૦૧૮-૧૯ના વર્ષ માટે પ્રમુખ પદે જાણીતા સીએ શ્રી ભરત પટેલ તેમજ સેક્રેટરી પદે વરિષ્ઠ પત્રકાર શ્રી પાર્થ ઠક્કરની નિમણૂંક કરવામાં આવી હતી. આ ઉપરાંત બોર્ડ ઓફ ડિરેક્ટર્સમાં ટ્રેઝરર શ્રી દીપ્તી સબાપરા, આઈપીપી શ્રી બી. કે. ચાવડા, પ્રેસિ. ઈલે. - ડૉ. અંકુર પરમાર, વા. પ્રેસિ. શ્રી રાકેશ પટેલ, જો. સેક્રેટરી - શ્રી અરવિંદ પટેલ, ક્લબ મેમ્બરશીપ ડૉ. એસ. કે. નંદા, ક્લબ ટ્રેનર શ્રી જગતભાઈ કારાણી, પબ્લીક રીલેશન અને સર્વિસ પ્રોજેક્ટ શ્રી અરવિંદ રાણા, ક્લબ એડમીની. શ્રી મીતા ઉપાધ્યાય, ડાયરેક્ટર ટીચ - શ્રી યુવરાજસિંહ વાઘેલા, વોશ ઈન સ્કૂલ - શ્રી જયશ્રીબેન ખેતિયા, સા.એ.આ. - શ્રી અભેરાજ ચૌધરી, કોમ્યુ. ડાયરેક્ટર શ્રી મનોજભાઈ સરૈયાએ શપથ લીધા હતા.



આ પ્રસંગે રોટરી ક્લબની યુવા પાંખ રોટરેક્ટ ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગરનો પણ પદગ્રહણ સમારોહ યોજાયો હતો. જેમાં પ્રમુખ પદે શ્રી ધર્મેન્દ્રસિંહ ચાવડા, સેક્રેટરી - શ્રી મીલન રાઠોડ, ટ્રેઝરર શ્રી જયપાલ ચાવડા, આઈપીપી શ્રી જય રાણા, પ્રેસિ. ઈલે. શ્રી મહર્ષિ દવે, વા.પ્રેસિ. શ્રી મોસમ યાજ્ઞિક, જો. સેક્રે. શ્રી જયનમ શાહે શપથ ગ્રહણ કર્યા હતા.

સંસ્થાના વર્ષ ૨૦૧૭-૧૮નો વાર્ષિક અહેવાલ રજૂ કરી સંસ્થાને વર્ષ દરમ્યાન મદદરૂપ સહયોગીઓને ઈનામ આપીને શ્રી બી. કે. ચાવડા દ્વારા બિરદાવવામાં આવ્યા હતા. નવા રોટેરીયન તરીકે શ્રી ઉષાંગ પારેખ, શ્રી ગૌરાંગ રાણા, શ્રી અશોક કોઠારી, શ્રી અશોક ઠક્કરે શપથ લીધા હતા.

## વાતવાતમાં

● ગાંધીનગરમાં દબાણ હટાવવા તંત્રએ સપાટો બોલાવ્યો તેમાં નિયમોને નેવે મુકીને પણ અધિકારીઓએ લારી ગલ્લાવાળાને હટાવવાનું નક્કી કર્યું હોય તેવી પરિસ્થિતિ અનેક ઠેકાણે જોવા મળી હતી. સે-૨૩માં ગુરુકુલ સ્કુલ પાસે રોડ પર સે-૨૪નો એક નાસ્તાનો વેપારી પોતાની લારી ઘરે પરત લઈ જઈ રહ્યો હતો તેને રોડ વચ્ચેથી અધિકારીઓએ અટકાવી લારી જપ્ત કરી કાર્યવાહી કરી હતી.

● અલ્પેશ ઠાકોર, જિજ્ઞેશ મેવાણી અને હાર્દિક પટેલે ડીએસપી કચેરી ખાતે પોતાની જાતને સરન્ડર કરી ત્યારે કચેરી બહાર ત્રણેયના ટેકેદારોએ સરકાર અને પોલીસ વિરૂધ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા. તેમાં નરેન્દ્ર મોદીથી માંડીને રૂપાણી સુધીનાને છોડયા નહોતા. આ સુત્રોચ્ચાર દરમિયાન અલ્પેશ-હાર્દિકના ટેકેદારોએ રામધૂન શરુ કરી હતી જેને જિજ્ઞેશ મેવાણીના ટેકેદારોએ અટકાવ્યા હતા અને એક તબક્કે જેએનયુ સ્ટાઈલથી 'લે કે રહેંગે આઝાદી' જેવા સુત્રો પોકારતા એકત્ર થયેલ જનમેદનીને આશ્ચર્ય થયું હતું.

## હેપ્પી જીવન યોગ સેમિનારમાં આયુર્વેદ અંગે માર્ગદર્શન અપાયું

ગાંધીનગર, તા. ૭

વાવોલની એમ.બી. પટેલ સ્કુલના પ્રાર્થના હોલ ખાતે હેપ્પી યુથ ક્લબ દ્વારા આયોજિત "હેપ્પી જીવન યોગ સેમિનાર" છેલ્લાં ૫ દિવસથી સફળતાપૂર્વક ચાલી રહ્યો છે. આ યોગ સેમિનારમાં આજે ગાંધીનગરના નવા સચિવાલય ખાતેના આયુર્વેદિક દવાખાનાના મેડિકલ ઓફિસર ડૉ. રાકેશભાઇ ભટ્ટે ઉપસ્થિત રહી યોગાર્થીઓને આયુર્વેદ અંગે માર્ગદર્શન પુરું પાડ્યું હતું. આ સાથે તેમણે રોજીંદા જીવનમાં આયુર્વેદનો સરળતાથી ઉપયોગ કરી રોગોને કેવી રીતે દૂર રાખી સ્વસ્થ જીંદગી જીવી શકાય તે માટે સમજણ પુરી પાડવા ઉપરાંત હવે શરૂ થઇ રહેલી ચોમાસાની મૌસમમાં બિમારીઓથી બચવા માટે ઉપયોગી માહિતી પ્રદાન કરી હતી. ડૉ. રાકેશભાઇ ભટ્ટનું આ પ્રસંગે યોગ સેમિનારના યોગ સેવક વિરમભાઇ તથા હેપ્પી યુથ ક્લબ દ્વારા પુસ્તક અને શુભે?ચ્છા ભેટ આપી સન્માન કરવામાં આવ્યું હતું.



## ગિફ્ટ સિટીમાં નવી બનતી બિલ્ડિંગના છઠ્ઠા માળેથી નીચે પટકાયેલા મજુરનુ મૃત્યુ

### છઠ્ઠા માળે સેન્ટીંગનું કામ કરતા નીચે પટકાયેલા મુળ કલકત્તાના મજુરનું હોસ્પિટલમાં મૃત્યુ

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર અને આસપાસના વિસ્તારમાં બની રહેલા નવા બિલ્ડિંગોમાં કોન્ટ્રાક્ટરોની લાપરવાહીને કારણે અનેક મજૂરોના મૃત્યુ થયાના કિસ્સાઓ નોંધાયા છે. મજૂરોની સલામતી તથા સુરક્ષાના નિયમોની એસી કી તૈસી કરીને ટૂંકાગાળામાં બાંધકામ પૂરું કરી દેવાની લાલચે કોન્ટ્રાક્ટરો જેમ ફાવે તેમ તેમની પાસે મજુરી કરાવી રહ્યા છે. જેને પગલે સલામતીના અભાવે મજૂરોએ જીવ ખોવાના વારા આવે છે. ક્યારેક બાંધકામ સાઈટ પર વીજકરંટ લાગવાથી તો ક્યારેક નીચે પટકાઈ જવાથી મજૂરોના મૃત્યુ થઈ રહ્યા છે. બે દિવસ પહેલા ગિફ્ટ સિટી ખાતે નવી બાંધકામ સાઈટ પર છઠ્ઠા માળે સેન્ટીંગનું કામ કરી રહેલો ૪૦ વર્ષિય મજુર નીચે પટકાતા તેનું કરૂણ મૃત્યુ નિપજયુ હોવાનું ધ્યાને આવ્યું છે. ડભોડા પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી મૃતદેહ પીએમ કરાવી ઘટનાની વધુ તપાસ શરૂ કરી છે.

ગાંધીનગર પાસેના શાહપુર નજીક આવેલા ગિફ્ટ સિટી ખાતે નવી બની રહેલી એક બિલ્ડીંગ ના છઠ્ઠા માળેથી નીચે પટકાતાં શ્રમિકનું મૃત્યુ થયું હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. ગુરૂવારે બપોરના અરસામાં નવી બિલ્ડિંગના છઠ્ઠે માળે મુળ કલકત્તાના અને હાલ ગિફ્ટ સિટી ખાતે રહેતો ૪૦ વર્ષીય મજુર બનામુલી દાસુમુલી મૂડી સેન્ટીંગ ભરવાનું કામ કરી રહ્યો હતો ત્યારે અચાનક છઠ્ઠા માળેથી નીચે જમીન પર પટકાતા ગંભીર રીતે ઘાયલ થયો હતો. ગંભીર અકસ્માત અને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો પરંતુ સારવાર દરમિયાન તેનું હોસ્પિટલમાં જ પ્રાણપંખેરૂ ઉડી ગયું હતું. ઘટના અંગે ડભોડા પોલીસને જાણ થતા જમાદાર વિપુલકુમાર બનાવ સ્થળે પહોંચી ગયા હતા અને અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને ઘટનાની બારીકાઈથી તપાસ શરૂ કરી છે. આ ઘટનામાં કોન્ટ્રાક્ટરની બેદરકારી છતી થાય તો તેની સામે પણ ગુનો દાખલ કરવા પોલીસે તૈયારી બતાવી છે.

## કરાઈ કેનાલમાંથી યુવાનનો બિનવારસી મૃતદેહ મળ્યો

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર નજીક આવેલી કરાઈ નર્મદા કેનાલમાંથી ગુરૂવારે બપોરના અરસામાં આશરે ૪૦ વર્ષીય યુવાનનો બિનવારસી મૃતદેહ મળી આવ્યો હતો. કેનાલમાંથી મૃતદેહ બહાર નીકળી ડભોડા પોલીસ મથકના જમાદાર વિપુલભાઈએ અકસ્માત મોતનો ગુનો દાખલ કરી મૃતદેહ પીએમ કરાવી તેની ઓળખ માટે કવાયત શરૂ કરી છે. બે દિવસથી તેની ઓળખ માટે પોલીસ દોડધામ કરી રહી છે પરંતુ હજુ સુધી તેની ઓળખ થઈ શકી નથી કે તેના પરિવાર ની કોઈ ભાળ મળી નથી. મૃતકના શરીરે પોપટી રંગની ટી-શર્ટ અને કમરે સફેદ પેન્ટ પહેરેલું છે. પોલીસે મૃતદેહ પીએમ કરાવી કોલ્ડરૂમમાં મુકાવી ગાંધીનગર તથા અમદાવાદ સહિત આસપાસના જિલ્લાઓમાં ગુમ થયેલાઓની વિગત મેળવી તે આધારે મૃતકની ઓળખ અંગે તપાસ શરૂ કરી છે. જોકે બે દિવસ બાદ પણ હજુ સુધી પોલીસને તેની ઓળખ શોધવામાં સફળતા મળી શકી નથી.

## ગાંધીનગર ખાતે સ્પેશ્યલ ખેલાડીઓ માટે 'ખેલો ઈન્ડિયા નેશનલ ગેમ્સ'નો શુભારંભ

ગાંધીનગર, તા.૭

સ્પેશ્યલ ઓલિમ્પિકની સુવર્ણ જયંતિની ઉજવણીના ભાગરૂપે સ્પેશ્યલ ખેલાડીઓ માટેની દેશની પ્રથમ 'ખેલો ઈન્ડિયા' નેશનલ ગેમ્સ તા. ૫ થી ૯ જુલાઇ દરમિયાન ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી, ગાંધીનગર ખાતે યોજાઇ રહી છે. જેનો ગુજરાતના નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ, કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી શ્રી જે.પી.નડ્ડા અને રમત ગમત રાજ્ય મંત્રી શ્રી ઈશ્વરસિંહ પટેલની ઉપસ્થિતિમાં ભવ્ય શુભારંભ કરવામાં આવ્યો હતો.

નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે ખેલો ઈન્ડિયા નેશનલ ગેમના ઉદઘાટન પ્રસંગે જણાવ્યું હતુ કે, તત્કાલીન મુખ્યમંત્રી અને ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં રાજ્યના યુવાનોને રમતમાં સક્ષમ બનાવીને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ લઈ જવાના હેતુથી સૌ પ્રથમવાર રાજયમાં ખેલ મહાકુંભનો પ્રારંભ થયો હતો. જે આજે પણ દર વર્ષે ગુજરાતમાં યોજવામાં આવે છે, જેમાં લાખો ખેલાડીઓ વિવિધ રમતોમાં ભાગ લઈને પોતાનુ કૌવત રજૂ કરે છે. રાજ્ય સરકાર ખેલ મહાકુંભમાં વિજેતા ખેલાડીઓને દર વર્ષે અંદાજે રૂ.૫૫ કરોડથી વધુની ઈનામી રકમ આપીને સન્માનિત કરે છે. જેમાંથી પ્રેરણા લઈને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ સમગ્ર દેશમાં આજે પ્રથમવાર દિવ્યાંગો માટેનો ખેલો ઈન્ડિયા અભિયાનનો પ્રારંભ થયો છે. દેશના દિવ્યાંગ-સ્પેશ્યલ બાળકો પણ રમતમાં ભાગ લઈને પોતાની પ્રતિભા રાજ્ય-રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ રજૂ કરી શકે તે માટે દેશમાં પ્રથમવાર આજે ગુજરાતમાં ગાંધીનગર ખાતે ખેલો ઈન્ડિયા નેશનલ ગેમનો પ્રારંભ થયો છે. જેમાં ગુજરાત સહિત ૨૬ જેટલા રાજ્યોના ૪૬૦ સ્પેશ્યલ બાળકો રમતમાં પોતાનું કૌશલ્ય બતાવશે, તેમ તેમણે ઉમેર્યું હતું.



કેન્દ્રીય આરોગ્યમંત્રી શ્રી જે.પી. નડ્ડાએ સ્પેશ્યલ ઓલિમ્પિકસના ૫૦ વર્ષની ઉજવણી નિમિતે યોજાયેલ દેશના પ્રથમ ખેલો ઈન્ડિયા નેશનલ ગેમના સફળ આયોજન માટે રાજ્ય સરકાર અને આયોજકોનો આભાર માનતા જણાવ્યું હતું કે, સમાજમાં સારા અને શ્રેષ્ઠ કામ માટે યોગ્ય નીતિની જરૂર પડે છે. આજે હું ગૌરવ સાથે કહી શકું છું કે, દેશના પ્રધાનમંત્રીશ્રીની પ્રેરણાથી ગુજરાતની ભૂમિ ઉપર દેશની પ્રથમ દિવ્યાંગો માટેની ખેલો ઈન્ડિયા નેશનલ ગેમ યોજાઈ રહી છે. ગુજરાતના ખેલમહાકુંભનું વિશાળ સ્વરૂપ એટલે 'ખેલો ઈન્ડિયા અભિયાન' તેમ જણાવી શ્રી નડ્ડાએ કહ્યું કે, દિવ્યાંગ ખેલાડીઓને પ્રોત્સાહન માટે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય રમતોમાં વિજેતાને રૂ. ૧ કરોડ ૪૩ લાખ જેટલી રકમ ઈનામ સ્વરૂપે ભારત સરકાર દ્વારા આપવામાં આવી છે.

આ પ્રસંગે સ્પેશ્યલ ઓલિમ્પિક ભારત-ગુજરાતના ચીફ પેટ્રોન શ્રી અજય પટેલે પ્રાસંગિક પ્રવચન આપ્યું હતું.

દેશભરમાંથી આવેલા સ્પેશ્યલ ખેલાડીઓને પ્રોત્સાહિત કરવા ગુજરાતી એવા ભારતના શ્રેષ્ઠ ક્રિકેટર શ્રી પર્થિવ પટેલ સહિત હિન્દી ટીવી શ્રેણી તારક મહેતા કા ઉલ્ટા ચશ્માના કલાકારો ઉપસ્થિત રહ્યા હતા. જે બાળકો માટે આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા.

આ ઉદઘાટન પ્રસંગે સ્પેશ્યલ બાળકોએ દેશભક્તિની થીમ ઉપર વિવિધ આબેહૂબ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કર્યા હતા.

## ચિરવિદાય

- સ્વ. પૂંજાભાઈ સોમાભાઈ ભરથરી, ઉ.વ. ૩૦
- સ્વ. ઠાકોર દિવાબેન બબાજી, ઉ.વ. ૬૦
- સ્વ. ભરવાડ પીન્ટુભાઈ બાથાભાઈ, ઉ.વ. ૧૯